


## સલામી સવારની..

ડોલે સૌ મત મોરલી સામે પછી સાપ થાય છે,
દત્તક બનીને માગે મત પછી બાપ થાય છે,
છાપ ને માપમાં ખાય છે થાય ભોળો મતદાર -
નેતા પ્રકાશે પોત પ્રજાને પછી સંતાપ થાય છે.

હાઈકુ

મારે ફૂંફાડા!
કરંડિયે પૂરાઈ -
વીર હાર્દિક...
(પક્ષો નું રાજકારણ)

રેલી-ધરણાં
તૂટેલું તંત્ર, જાણે -
જીર્ણ કેનાલ!
(એક સાંધે ત્યાં તેર તૂટે)

### ચિંતન

પોરુષાત્ જાયતે સિદ્ધિઃ પોરુષાતધીમતામ્ ક્રમઃ ।
દૈવમ્ આશ્વાસનં માત્રં દુઃખપે લવ બુદ્ધિષુ ॥

ઉપરોક્ત શ્લોક 'સુભાષિત બોધ'માંથી લેવામાં આવેલ છે..

પુરુષાર્થથી સિદ્ધિ મળે છે, પુરુષાર્થથી બુદ્ધિ મળે છે. દુઃખથી પીડાતા કોમળ બુદ્ધિવાળા મનુષ્યો માટે ભાગ્ય જ આશ્વાસન માત્ર છે.

આળશ, એદીપણું અને હંમેશાં 'પછી' પર કામ ઠેલનારાં અંતે તો દુઃખી જ થાય છે અને દુઃખી થયા પછી પણ એમને પોતાનો દોષ તો દેખાતો જ નથી એ 'ભાગ્ય' અને વિધાતા 'નશીબ' પર જ દોષનો ટોપલો ઠાલવીને આશ્વાસન મેળવે છે.

હકીકતમાં પુરુષાર્થ - મહેનત વિના કંઈ જ મળતું નથી. ચીવટપૂર્વક તપશ્ચર્યા કરવાથી જ 'ડીગ્રી' પદ મળે છે. વાચન-અભ્યાસથી વિદ્યા સિદ્ધિ પ્રાપ્ત થાય છે શિક્ષણ દ્વારા જ જ્ઞાન, સમજ, બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

### સુવિચાર

- મન જો એટલી વાત કાયમ માટે સ્વીકારી લે કે પોતે કંઈ જ જાણતું નથી તો આ જગતની મોટાભાગની સમસ્યાઓ હલ થઈ જશે - **અરવિંદ**
- ભણેલાઓ બીજાના દોષ જુએ છે, જયારે કેળવાયેલા લોકો પોતાનો દોષ જુએ છે - **બર્નાડ શો**
- 'હું' એટલે જ અશાંતિ અને દુઃખ, અને 'હું' નું વિસર્જન એટલે જ શાંતિ અને સુખ - **જે. કૃષ્ણમૂર્તિ**
- ખરેખરી વિપત્તિ કાલ્પનિક વિપત્તિ કરતાં ઓછી અસહ્ય હોય છે - **સરદાર પટેલ**
- તમે સુખી છો કે નહિં તે વિષે ચિંતા કરવાની ફુરસદ હોવી એ જ, દુઃખનું રહસ્ય છે - **વિનોબા**
- દુઃખરૂપી હકીકતનો બીજો છેડો (સુખ) શોધી કાઢવામાં નહિ પણ હકીકતને (દુઃખને) જોવામાં જ દુઃખનો અંત રહેલો છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : સફેદ કાંદાના રસને સાકર મેળવી પીવાથી એસીડીટ મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

કવિ અખો સોનીનું કામ કરતા - માનેલી બેનને સોનાની માળા બનાવી આપી - પણ બહેન બીજા સોની પાસે કાપ મૂકી ચકાસણી કરાવી - માળા ધોવા આપી ત્યારે માળા પર કાપ જોઈ બધી સમજ પડી - સંસારમાંથી મન ઉઠી ગયું.

આવી જ એક વાત ન્યૂયોર્કમાં બની ગઈ. એક બહેન ઝવેરીની દુકાને ખોટાં મોતીની માળા લેવા ગઈ ૩૦૦ રૂપિયામાં માળા લીધી. બે વર્ષ માળા ઘરમાં તૂટી ગઈ મોતી વીણી વીણી ભેગાં કરી પાછી એ જ ઝવેરી પાસે માળા ગંઠાવા લઈ ગઈ. ઝવેરીએ માળા ઓળખી લીધી. કહ્યું બેન આમાં એક મોતી ઓછી થઈ ગયું છે મારે આવું જ મોતી નાખવું પડશે એ એક મોતીની કિંમત ૩૦૦ રૂા. છે.

પહેલી બેનને આશ્ચર્ય થયું કહ્યું, ભાઈ હું તમારી દુકાનેથી જ આખી માળા ૩૦૦ રૂા.માં લઈ ગઈ હતી આજે એક મોતીની ૩૦૦ રૂા. કહો છો!

દુકાનદાર કહે બહેન તમે સાચાં છો. તમે ખોટી માળા માગી હતી. મારા માણસે તમને દસ હજારની સાચાં મોતીની માળા આપી દીધી. અમે એને તે જ દિવસે કાઢી મૂક્યો પણ વેંચલો માલ પાછા રાખતા નથી એ અમારોનિયમ છે. તેથી અમે તમારી પાસે આવ્યા નહીં - બાકી આ સાચાં મોતીની જ માળા છે.

બહેને આગ્રહપૂર્વક માળા પાછી આપી અને પેલા કર્મચારીને પાછો નોકરીમાં લઈ લો... દુકાનદારે સ્વીકાર્યું અને એ સ્ત્રીને એક લૉકેટ અને ખોટાં મોતીની નવી માળા પણ આપી.

# ભાજપ-શિવસેના ગઠબંધનમાં ઊભી તિરાડ

તંત્રીસ્થાનેથી...

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ સાથે છેડો ફાડીને 'એકલો જાને' વાળી રાજનીતિ કરનાર શિવસેના સામે એકી સાથે બે પડકાર ઊભા થયા છે. એકલા હાથે ચૂંટણી લડીને મુંબઈ મનપાની સત્તા હાંસલ કરવી તે તાબડતોબ આવી પડેલો પડકાર છે. જો આ ચૂંટણી શીવસેના જીતી શકશે તો મહારાષ્ટ્રની શિવાજીપ્રિય પ્રજામાં એનાં વજૂદને એક વધુ વાર લાંબા ગાળાની સ્વીકૃતિ મળી રહેવાની સંભાવના છે. જો આ ચૂંટણીમાં ભાજપને વિજય મળશે તો તે શિવસેના માટે સૌથી મોટી નામોશી હશે. મરાઠી માણૂસના નામ પર જ શિવસેના સામે બીજો એક પ્રાદેશિક પક્ષ પણ સત્તાની રેસમાં છે. તે છે શરદ પવારના નેતૃત્વ હેઠળની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી. શરદ પવાર મહારાષ્ટ્રના સર્વોચ્ચ રાષ્ટ્રીય નેતા તરીકે વર્ષો સુધી છવાયેલા રહ્યા છે. હવે વયનિવૃત્તિ થઈ તેઓએ તેમનાં દીકરી સુપ્રિયા સુલે તથા ભત્રીજા અજિત પવારને પાર્ટીનો હવાલો સોંપી દીધો છે, છતાં પ્રજામાં હજી એમનું વજૂદ અકબંધ છે. શિવસેના સામે સંકટ સમયની સાંકળ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી શરદ પવારના નામનો ઉપયોગ કરતા રહ્યા છે. ખરી કટોકટી વખતે પવારની પાર્ટી ભાજપના ટેકામાં ઊભી રહી મહારાષ્ટ્રની સરકારને બચાવી લઈ શકે એમ છે. નરેન્દ્ર મોદી સાથેના પવારના મીઠા સંબંધો જાણીતા છે. દેશના સર્વોચ્ચ રાષ્ટ્રીય સમ્માન 'ભારત રત્ન' પછીનો ખિતાબ 'પદ્મ વિભૂષણ' એનાયત કરીને વડાપ્રધાને પવાર પર મોટો ઉપકાર લાદ્યો છે, તો સામે શિવસેનાને આડકતરો સંકેત પણ પાઠવી દીધો છે. ક્યારેક સોનિયા ગાંધીના વિદેશી ગૌત્ર સામે વાંડો પાડીને કોંગ્રેસ સાથે છેડો પાડી નાખનારા સરદ પવાર કેન્દ્રમાં કોંગ્રેસની જ સરકારના સંરક્ષણમંત્રી રહ્યા હતા. એમને આમથી તેમ પડખું ફેરવવામાં કશો જ સંકોચ થતો નથી. તેથી છેલ્લાં કેટલાંક વખતથી નરેન્દ્ર મોદી સામે તીખા પ્રહારો કરનારા અને તાજેતરમાં ભારતીય જનતા પક્ષને 'કોબ્રા' કહી ઉતારી પાડનારા ઉદ્ધવ ઠાકરે રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ જતા રહ્યા છે. સૌ જાણે છે કે ખાસ્સી માથાકૂટ પછી મહારાષ્ટ્રમાં ભાજપ સાથે સરકાર બનાવવામાં ભાગીદાર થવા તૈયાર થયેલ શિવસેના ટેકો પાછો ખેંચી લેશે તો તરત જ પવારની પાર્ટી મહારાષ્ટ્રમાં રાજકીય અસ્થિરતા ન સરજાય એવા 'શુભ' ઈરાદાસર ભાજપના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની સરકારને બિનશરતી ટેકો જાહેર કરી બચાવી લેશે. આ મુદ્દે શિવસેના ભારે અવઢવ અનુભવી રહી છે. ઉદ્ધવ ઠાકરે વારંવાર ભાજપને ધમકી આપતા રહે છે કે અમે ટેકો ખેંચી લઈશું તે જ ક્ષણે મહારાષ્ટ્રની ફડણવીસ સરકાર ઘર ભેગી થઈ જશે. પવારે છેલ્લે જે નિવેદન કર્યું છે તે ખૂબ તાકીદનું છે એમણે શિવસેના સુપ્રીમો સમક્ષ ભાજપને ટેકો નહીં કરવાનું લેખિતમાં નિવેદન આપવાનો પડકાર ફેંક્યો છે. પોતે આવું લેકિત આપવા તૈયાર હોવાનું જણાવી પવારે રાજકીય દાવ ખેલ્યો છે અને હવે તે પડકાર ન ઝીલે તો મરાઠી પ્રજામાં ઉદ્ધવ ઠાકરેની ઈમેજને ધક્કો પહોંચી શકે એમ છે. મનપાની લડાઈમાં શિવસેના સુપ્રીમોએ ભાજપ સાથેના છેલ્લા પચ્ચીસ વર્ષના સંબંધને કોબ્રા સાથેની દોસ્તી ગણાવી છે. હવે 'કોબ્રા' સાથેનું સંવનન ક્યારે સમાપ્ત થશે, એની મહારાષ્ટ્રની પ્રજા કાગડોળે રાહ જોશે. જો ઉદ્ધવ ઠાકરે એવી હિંમત બતાવી શકશે તો કદાચ એમના પિતાની આંગળી પકડીને મહારાષ્ટ્ર પર કબજો જમાવનાર ભારતીય જનતા પાર્ટી સામે અસ્તિત્વનો પડકાર ઊભો થઈ શકે એમ છે. કદાચ આવું પગલું ભરવાથી ઉદ્ધવ ઠાકરેનું પાણી મપાઈ જાય એમ પણ બને. આ તો રાજકારણ છે!

## બેનામી ટ્રાન્ઝેકશન એકટ-૧૯૮૮ પ્રોહિબીશન બીલ ૨૦૧૧ની જોગવાઈ : હવે બેનામી ટ્રાન્ઝેકશન ઉપર પ્રતિબંધ લદાશે




બેનામી વ્યવહારો એટલે એવા વ્યવહારોમાં મીલ્કત કોઈ એક વ્યક્તિ નામે ખરીદવામાં આવી હોય પરંતુ તેના અવેજની ચુકવણી અન્ય વ્યક્તિ દ્વારા કરવામાં આવી હોય.

બેનામી એ પારસી શબ્દ છે જેનો ગુજરાતી અર્થ થાય છે નામ વગરનો આવા નામ વગરના વ્યવહારોને બેનામી ટ્રાન્ઝેકશન એકટ ૧૯૮૮ ની કલમ ૨ મુજબ ગેરકાયદેસર ઠરાવેલ છે જે વ્યક્તિ તે મીલ્કતનો વાસ્તવિક માલીક હોતો નથી પરંતુ માત્ર વાસ્તવિક મીલ્કતનો પ્રતિનિધિ હોય છે. સરળ શબ્દમાં જે મીલ્કત ખરીદવા માટે જે વ્યક્તિ વાસ્તવમાં નાણા ચુકવતો હોય તે વ્યક્તિ મીલ્કતનો માલીક હોતો નથી બીજાના કે ત્રાહિત વ્યક્તિના નામે પોતે મીલ્કત ખરીદે છે. આવી મીલ્કત સ્થાવર, જંગમ કે વાસ્તવિક તેમજ અવાસ્તવિક પણ હોઈ શકે છે. આ કાયદા મુજબ આવી કોઈ પણ મીલ્કત ખરીદનારના નામે ના હોય પરંતુ તેણે આવી મીલ્કતની રકમ ચુકવી હોય અવેજ ચુકવેલ હોય તો આવી તમામ મીલ્કતો બેનામી ટ્રાન્ઝેકશન ગણાય છે.

નોટબંધી બાદ કેન્દ્ર સરકાર બેનામી મીલ્કતોને ચોપડે ચઢાવી દંડ વસુલ કરવા તથા આવી મીલ્કતોની આકારણી કરી દંડ ના ભરપાઈ થયેલ હોય અને મુળ માલીક સામે ના આવે તો બેનામી મીલ્કત ગણી ટાંચમાં લેવાનો પણ કાયદામાં સુધારો કરવામાં આવશે.

ભ્રષ્ટાચાર નાથવા માટે રાષ્ટ્રના હિતમાં રાજકિય વ્યક્તિઓની મીલ્કતો બહાર લાવવા, અમલદારોનો ભ્રષ્ટાચાર ખુલ્લો પાડવા માટે સૌ પ્રથમ મીલ્કતનું સર્વે કરવામાં આવશે અને માલીકીના પુરાવા રજુ કરી નોંધણી કરવામાં આવશે મુદત વિત્યાબાદ નોંધાયા વગરની બેનામી મીલ્કતોની યાદી બનાવી જે તે માલીકને નોટીસ આપી પુરાવા રજુ ના કરી શકે કે આ મીલ્કત કઈ આવકમાંથી ખરીદેલ છે તો આવી તમામ મીલ્કતને ટાંચમાં લઈ જપ્ત કરવામાં આવશે અને સરકાર હસ્તક દાખલ કરવામાં આવશે ત્યારબાદ આવી મીલ્કતની જાહેર હરાજી સરકાર દ્વારા કરવામાં આવશે અને નિલામીની રકમ રાજય સરકારની તિજોરીમાં જમા કરવામાં આવશે આના કારણે રાજયની રેવન્યુની આવકમાં મોટો વધારો થશે અને ભ્રષ્ટાચારીઓ ઉઘાડા પડશે.

સરકારી અમલદારો દ્વારા સરકારી કાર્ય ખોટી રીતે કે ઝડપી કરાવવા માટે નાણાના બદલામાં ઝર,ઝવેરાત, સ્થાવર, જંગમ મીલ્કતનો બદલો લેવામાં આવે છે આવી મીલ્કતને પણ બેનામી મીલ્કત ગણી આવક કરતા વધુ સંપતીનો કેસ કરવામાં આવશે રાજયમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટ્રાચાર પ્રવર્તે છે. રાજયના સનદી અધિકારીઓથી લઈ પટાવાળા સુધી લાખો કરોડોની સંપતિ તાજેતરમાં એલસીબીની રેડ દરમ્યાન બહાર આવતા ભૂકંપ સર્જાયો હતો. આવી બેનામી સંપતિના ગુન્હામાં તાજેતરમાં શશીકલાને ૪ વર્ષની જેલ અને ૧૦ કરોડ રૂપિયાનો દંડ ફટકારેલ છે.

ભ્રષ્ટ્રાચાર અને કાળુ નાણું બન્ને એક બીજાના પર્યાય છે એક સીક્કાની બે બાજુ છે સમગ્ર દેશમાં કલ્પના પણ ના થાય તેટલું કાળુ નાણું બેનમી વ્યવહારમાં વપરાય છે. રીયલ એસ્ટેટથી લઈ કોમોડીટી બજાર તથા સોના બજાર સુધી બેનામી સંપતિ અને કાળા નાણાએ ભરડો લીધો છે. બેનામી વ્યવહારોને અંકુશમાં લેવા સરકારે ૩ લાખથી વધારે કેશ વ્યવહારો ઉપર પ્રતિબંધ મુક્યો છે તેથી ભ્રષ્ટ્રાચારીઓ અને કાળા નાણા ધારકો પોતાના સગા સબંધીઓ પુત્ર, પુત્રીઓ, પત્નીના નામે પોતે રોકાણ કરી સ્થાવર જંગમ મીલ્કત ધરાવતા હોય છે.

બેનામી વ્યવહારો પ્રતિબંધ કાયદો ૧૯૮૮ ની કલમ ૩ મુજબ કોઈપણ વ્યક્તિ આવા બેનામી વ્યવહારોમાં લેવડ દેવડ અને સંડોવણી સાબીત થશે તો આવી વ્યક્તિને ત્રણ વર્ષની કેદ અને દંડ બન્નેની સજાની જોગવાઈ કાયદામાં છે. જેનો ચુસ્તપણે અમલ કરવામાં આવશે.

તાજેતરમાં શશીકલા મદ્રાસના સીએમ બનતા બનતા બેનામી સંપતિના કેસમાં ચાર વર્ષની કેદ અને ૧૦ કરોડ રૂપિયાનો દંડ સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા બાદ રાજકારણમાં ભય વ્યાપી ગયો છે કાયદો કોઈને છોડશે નહિ તેવું મોદી સરકાર વખતોવખત કહેતી આવી છે.

બેનમી વ્યવહાર પુરવાર કરવા માટે વ્યવહારનો હેતુ, ટાઈટલનો દરજ્જો, અવેજની ચુકવણી, વિવાદી મીલ્કતનો કબજો વિગેરે પાસાઓને ચકાસવામાં આવશે. દસ્તાવેજો કે મીલ્કત અન્ય વ્યક્તિના નામે શા માટે કરવામાં આવ્યા તે બાબતનો ખુલાશો બેનામી મીલ્કત ધારકે કરવાનો રહેશે જો બેનામી વ્યવહારો નકારવામાં આવે તો તે પુરવાર કરવાની જવાબદારી મીલ્કત ધારકની છે.

બેનામી ટ્રાન્ઝેકશન એકટ ૧૯૮૮ ની કલમ ૩ તથા ૪ મુજબ કોઈપણ વ્યક્તિ બેનામી સોદો કરી શકે નહિ આવી મીલ્કત બેનામી નામે માંગણી કે કાર્યવાહી કરવા માટે કાયદા મુજબ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પ્રેમ એટલે તને કોલ, મિસકોલ કે મેસેજ કર્યા વગર, તારું વોટ્સએપ ડીપી જોઈ રાજી રહેવાની કળા...!!




ટી શર્ટના ખિસ્સામાં રાખેલા મારા મોબાઈલ ફોનમાં
આમ અમસ્તો જ મઘમઘાટ થઈ સુગંધ ના આવે...!!
જરૂર મારા સ્ટેટ્સ પર તેની આંગળી ફરતી હશે...

- ચંદ્રશેખર પંડયા

વસંતઋતુ અને વાતાવરણની તાજગીમાં લગ્નોની મોસમ જયારે સોળે કળાએ ખીલેલી હોય ત્યારે માહોલ રંગીન બની જાય છે. આ વોટ્સઅપ અને ફૅસબુકના સમયમાં લગ્નની દરેકેદરેક વિધીના ફોટા અને આમંત્રિત મહેમાનોના ફોટા એ તમામે તમામ તરત જ અપલોડ થઈ જાય છે. આજકાલના યુવક-યુવતીઓ ખૂબ focused હોવાને કારણે તેમને શું પહેરવાનું છે, કઈ રીતે લગ્નની વિધીમાં ફોડા પડાવવાના છે અને કેટકેટલા મિત્રોને આમંત્રણ આપવાનું છે એ તમામ બાબતો માટે તેઓ પરફેક્ટ પ્લાનિંગ કરતા હોય છે. છોકરા અને છોકરીના મનમાં પહેલાના સમયમાં વર્તાતો અજંપો કે મુંઝવણ હવે રહ્યા નથી. જે કરવું છે, જે કંઈ પણ કહેવું છે એ તરત મોઢે જ કહી દેતી આજની આ પેઢી જરાય દંભી નથી. પોતાની જાત સાથે તેમજ અન્યની સાથે ખૂબ વફાદારીપૂર્વક સંબંધો નીભાવી જાણે છે અને તોડી પણ જાણે છે. કાલનો ડર કે ભવિષ્યની ચિંતા તેમને નથી. વેલેન્ટાઈન ડે પર કરાયેલા વાયદાઓ કેટલા ટકશે એની ફિકર એમને હોતી નથી. આપણે માનીએ છીએ કે આ જનરેશનના યંગસ્ટર્સ જલ્દીથી મૂવ ઑન કરી લે છે. થોડા ઘણાં અંશે એ વાત સાચી પણ હોય પણ ખરેખર તો આજે પણ તેઓ મનના છાના ખૂણે ગુલાબી સંબંધોને સંઘરીને તો બેઠા જ હોય છે!

સ્ત્રી અને પુરુષો બંને માટે જયારે આજે મુક્તપણે પોતાની વાત, પોતાના સંબંધો એકબીજા સાથે Share કરવા શક્ય બન્યા છે. ત્યારે મોટાભાગના યુવક-યુવતીઓ serius relations થી દૂર ભાગતા જોવા મળે છે. તેમને ડર પ્રેમ કરવાથી નથી. પણ કમિટમેન્ટ અને જવાબદારી સ્વીકારવાનો છે. અને આ જ પ્રકારના ડરને કારણે ક્યારેક પોતાના પ્રેમને ભૂલીને તેઓ જીવનમાં આગળ વધી જાય અને પરણી પણ જાય છતાં એ પ્રેમની કૂણી લાગણી તેમના હૃદયમાં આજીવન સંગ્રહાયેલી રહે છે. આજના આ સમયમાં ફટાફટ બ્રેકઅપ કરી નાખનારા યુવકો અને યુવતીઓ પોતે ખુબ ખુશ છે અને enjoy કરી રહ્યા છે તેમ દેખાડવા માટે સતત DP, સ્ટેટસ બદલી બદલીને મૂક્યા કરે છે. મનમાં તેમને ઈચ્છા હોય છે કે પોતાના આવા ફોટાથી તેમનાથી દૂર ગયેલો તેમનો પ્રેમ ગુસ્સે થઈ જીવ બાળે અથવા તો વધુ jealous થઈને તેમની પાછા પણ ફરી જાય. આવા સંજોગોમાં તેમના રિલેશનશીપ વધુ ગુંચવાઈ જાય છે અને તેમની સાથે જોડાયેલા સંબંધોને તેની માઠી અસર થાય છે.

આપણે સુંદર તૈયાર થયા હોઈએ કે નવો શર્ટ કે નવો ડ્રેસ પહેરીએ ત્યારે એ પહેરીને ફોટો અપલોડ કરવાની આપણને ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. પણ પ્રશ્ન ત્યારે ઉદ્ભવે જયારે આપણે ફોટો અપલોડ કરવા માટે જ તૈયાર થઈએ કે નવા કપડા ખરીદીએ એ જ રીતે પ્રેમનો પણ ખોટો દેખાડો ન હોય. પહેલાના સમયમાં પ્રેમ આંખોથી છલકાતો અને શબ્દોની કયારેય એમાં જરૂર પડતી નહિ, પરંતુ હવે ખુલ્લેઆમ પ્રેમનો ઈઝહાર, એકરાર કરવો એ સામાન્ય બાબત ગણાય છે. જો કે એમાં કશું ખોટું પણ નથી. પ્રેમ એ એક અનુભવની બાબત છે. એક અહેસાસ છે. પ્રેમને ઉંમર, રૂપ કે લગ્ન સાથે શું લેવાદેવા ? એ તો અચાનક, અનાયાસે જ બસ થઈ જાય. ત્યારે કદાચ આપણને આ સંબંધ સાચો, ખોટો, સારો, નરસો, શક્ય, અશક્ય છે એ કોઈ જ બાબતો ન સમજાય પણ આ તો એક દૈવી અહેસાસ છે. જે રીતે ઈશ્વરનો સાક્ષાત્કાર દરેકને ન થાય એ જ રીતે સાચો પ્રેમ ક્યારેક જ અને કોઈકને જ મળે. ઈશ્વરની વિશેષ કૃપાદૃષ્ટિના કારણે મળેલા આ પ્રેમની અસર કે ઈચ્છિત વ્યક્તિ, આજીવન સાથ ન નિભાવી શકે એમ પણ બને. પણ એને મનમાં તો સંઘરી જ શકાય ને! નાના બાળકોની નિર્દોષ આંખોમાં ઝળકતો પ્રેમ, કોઈ અંગત મિત્રની સાથેના મીઠા સંબંધોમાં રહેલ પ્રેમ તેમજ નિઃસ્વાર્થ ભાવે કોઈની આંખોમાં ખોવાઈ જવાનો પ્રેમ એ તમામ અહેસાસ છે જેને અનુભવી શકાય પણ પકડી ન શકાય જીવનભર માટે તેને કેદ ન કરી શકાય, કંઈક આવી જ વાત કરે છે સૂચિતા કપૂરની આ સુંદર કવિતા -


"આજે વેલેન્ટાઈન ડે છે.
તું કયાં છે?
નથી તારો ફોન નંબર કે
તને હું એસએમએસ કરું
નથી તારું સરનામું કે તને
રેડ રોઝ મોકલાવું
સૌ પોતપોતાના પ્રિય વિલેન્ટાઈન સાથે
કોઈ ને કોઈ રીતે આજ જોડાયેલા રહેશે.
હું શું કરું ?
હું મારા શાંત બગીચામાં જઈ,
તારા જેવું એક સુંદર
લાલ ગુલાબ તોડું છું.
એની મૃદુ પાંખડીઓમાં
તારા સ્પર્શને સંવેદું છું,
એની સુગંધમાં તારા સાન્નિધ્યનો અહેસાસ અનુભવું છું,
મારા રૂમમાં કૃષ્ણની એક શ્યામલ મૂર્તિ છે.
આજ એની આંખમાં પણ ઉદાસી છલકે છે.
હું એની પાસે ગુલાબ મૂકું છું.
દયા માંગું છું.
એને કહું છું, તને આ ગુલાબની,
મારા પ્રેમની મહેક પહોંચાડે,
તને મારી વેલેન્ટાઈન વિશ પહોંચાડે,
તારી આંખો બંધ કર અને મહેસૂસ કર
મારા અહેસાસને તારો અહેસાસ કર.
હેપી વેલેન્ટાઈન ડે"

Last Seen :
પ્રેમ એટલે તને કોલ, મિસકોલ કે મેસેજ કર્યા વગર,
તારું વોટ્સએપ ડીપી જોઈ રાજી રહેવાની કળા...!!

- nehalgadhavi101@gmail.com

# મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપની ભગવી યુતિનું ભાંગ્યું મોતી

- ત્રણ દાયકા જૂના રાજકીય જોડાણને તોડવા મુંબઈ મહાપાલિકાની ચૂંટણી જ સવિશેષ નિમિત્ત બની
- વાંધો પડ્યો એટલે ખંડણીબહાદુર શિવસેના સાથે સત્તા ભોગવનાર ભાજપએ હવે ભાંડણલીલા આરંભી
- મુસ્લિમ લીગ-મસ્તાન સાથે જોડાણ કરનાર સેનાના મિત્ર ભાજપની જેલવાસી ગેંગસ્ટર કલાની સાથે દોસ્તી
- ભગવી યુતિ તૂટે તો પવારની રાષ્ટ્રવાદીનો ટેકો મળે જ એવું માનીને ચાલવાની સ્થિતિમાં મોદીસેના નથી




ભારતની સૌથી સમૃદ્ધ મહાનગરપાલિકા ગણાતી મુંબઈની આ વખતની ચૂંટણીમાં ત્રણ દાયકાથી વધુ સમયથી મિત્રપક્ષ રહેલા શિવસેના અને ભારતીય જનતા પક્ષ વચ્ચેની યુતિ તૂટી જતાં પ્રતિષ્ઠાનો જંગ જોવા મળે છે. લગભગ ૪૦ હજાર કરોડ રૂપિયાના વાર્ષિક બજેટની આ મહાનગરપાલિકા પર બાળ ઠાકરેની શિવસેના એના બદલાતા જતા અથવા નવા ઉમેરાતા સાથી પક્ષો સાથે દાયકાઓથી શાસન કરે છે.ભાજપ અહીં એનો નાનોભાઈ હતો ત્યાં લગી વાંધો નહોતો. ૧૯ જૂન ૧૯૬૬ના રોજ કોંગ્રેસના ટેકે મરાઠી રાષ્ટ્રવાદ અને હિંદુ રાષ્ટ્રવાદનો ઝંડો લઈને શિવતીર્થ (શિવાજી પાર્ક) શાખાના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના બાળ સ્વયંસેવક બાળ ઠાકરેએ શિવસેનાની સ્થાપના કરી હતી. ૧૯૭૫થી '૭૭ લગીની ઈમર્જન્સી દરમિયાન વડાં પ્રધાન ઈંદિરા ગાંધીના ટેકેદાર રહેલા ઠાકરેએ, 'પ્રેક્ટિકલ સોશિયલિઝમ'ના 'નવાકાળ'કર નીળુભાઉ ખાડિલકરના વિચારને સ્વીકારીને, ૧૯૮૨માં શરદ પવાર અને જ્યોર્જ ફર્નાન્ડીઝ સાથે મળીને કોંગ્રેસવિરોધી "ત્રિમૂર્તિ મેળાવા"નું આયોજન કર્યું હતું. ઠાકરેસેના ગમે ત્યારે ગમે તેની સાથે જોડાણ કરવા સમર્થ છે.

છેક ૧૯૬૬માં સ્થપાયેલી શિવસેનાનું પહેલું અધિવેશન ૨૨-૨૩ જાન્યુઆરી ૧૯૮૪ દરમિયાન દાદરસ્થિત સ્વાતંત્ર્યવીર સાવરકર સભાગૃહમાં યોજાયું. હિંદુત્વની લહેર કોંગ્રેસ વિરુદ્ધ પ્રભાવી બનતી નિહાળીને ઠાકરેએ ભાજપ નેતા પ્રમોદ મહાજન મારફત રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ આડવાણી સાથે સંધાણ કરવામાં શ્રેય લેખ્યું. બસ, ત્યારથી અત્યાર લગી આ ભગવી યુતિ ઉબડખાબડ રસ્તે પણ ટકી. ૧૯૯૫-'૯૯ દરમિયાન મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપની રાજ્ય સરકાર પણ આવી. કેન્દ્રસ્તરે ભાજપ અને રાજ્યસ્તરે શિવસેનાની બિગબ્રધરની ભૂમિકા ટકી ત્યાં લગી અને બાળાસાહેબ હયાત હતા ત્યાં લગી બધું સમુંસૂતરું ચાલ્યું. એ પછી મોદીનિષ્ઠ ભાજપ અને ઉદ્ધવ બાળ ઠાકરેનિષ્ઠ શિવસેના વચ્ચે ખટરાગ સાથે રાજકીય સંવનન ચાલ્યું. મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્ર સરકારમાં ભાજપની લઘુબંધુ તરીકેની ભૂમિકા શિવસેનાને ખૂબ કઠી. હવે મુંબઈ નગરપાલિકામાં યુતિ તૂટી છતાં મહારાષ્ટ્ર સરકારમાં શિવસેનાના પ્રધાનો 'ખિસ્સામાં રાજીનામાં લઈ ફરે છે.' મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનું ૨૩ ફેબ્રુઆરીએ પરિણામ આવે એ પછી ભગવી યુતિ રાખવી કે તોડવી એ નક્કી થશે, પણ મોતી ભાંગ્યું છે એટલે એ રેણ કરીને ઝાઝું નહીં જ ટકે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ગુજરાતી મતદારોની નિર્ણાયક ભૂમિકા રહે છે. પાસ નેતા હાર્દિક પટેલનાં માનપાન ઠાકરે પરિવાર તરફથી થવા પાછળ આ જ કારણ છે. આ પહેલાં શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસમાંથી હેમરાજ શાહનું શિવસેનામાં જોડાવું એ પણ ભાજપની ગુજરાતી વોટબેંકમાં બાકોરું પાડવાના વ્યૂહનો એક ભાગ ગણાવી શકાય.

સત્તાપ્રાપ્તિ અને સત્તાને ટકાવવા માટે ઘણાં કજોડાં યોજાતાં રહે છે. કોંગ્રેસ સરકારના પ્રધાન બાળાસાહેબ દેસાઈના ઈશારે ૧૯૬૬માં બાળ ઠાકરેને શિવસેનાની સ્થાપનાની પ્રેરણા મળી હતી. એની પાછળની ભૂમિકા બહુ સ્પષ્ટ હતી. મુંબઈમાં ગુજરાતી અને મારવાડી માલિકોની કાપડ મિલોમાં ડાબેરી-કોમ્યુનિસ્ટ કામદાર સંગઠનની જોહુકમી અને હડતાળ થકી માલિકો પરેશાન હતા. ઓછામાં પૂરું આ લાલબાગ-પરેલ વિસ્તારમાં કૃષ્ણા દેસાઈ નામના ડાબેરી કામદાર નેતા ધારાસભ્ય બન્યા એટલે ધારાસભામાં પણ કોંગ્રેસી સરકારની ફજેતી કરતા હતા. શિવસેનાની સ્થાપના થઈ. કૃષ્ણા દેસાઈની હત્યા થઈ, બેઠક ખાલી પડી. એ બેઠક પરથી શિવસેનાના વામનરાવ મહાડિક ચૂંટાયા. શિવસેનાનો રાજકીય પ્રવેશ અને હાક વાગવાની શરૂઆતમાં કોંગ્રેસ સરકારનો સાથ રહ્યો. સમયાંતરે મુંબઈ મહાનગરપાલિકામાં કોંગ્રેસનાં વળતાં પાણી થયાં અને શિવસેનાએ મુસ્લિમ લીગ (જી. એમ. બનાતવાલાના નેતૃત્વવાળી) સાથે જોડાણ કરવાથી લઈને દાણચોર તરીકે નામચીન હાજી મસ્તાનની દલિત તથા લઘુમતી માટેની પાર્ટી સાથે જોડાણ કરીને પણ પોતાના મેયરને ચૂંટવા સુધી પ્રગતિ કરી. શિવસેના, ભાજપ અને હાજી મસ્તાનની પાર્ટીની યુતિનું શાસન પણ મુંબઈ પર ચાલતું રહ્યું છે.

મિત્રો દુશ્મન થાય ત્યારે હમામ (સ્નાનગૃહ)ની વાતો બહાર લાવે એવો માહોલ અત્યારે રચાયેલો છે. શિવસેનાની છબિ ખંડણી ઉઘરાવનારાઓની પાર્ટી તરીકેની હતી ત્યારે પણ ભાજપ મુંબઈ અને મહારાષ્ટ્રની સરકારમાં શાસનમાં સાથે રહ્યાં છે. હવે વાંધો પડ્યો એટલે ભાંડણલીલા શરૂ થઈ છે. ઉદ્ધવ ઠાકરે ભાજપી મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને બદલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જ પડકારે છે. ફડણવીસ નાગપુરના છે. ભાજપના ચૂંટણીઢંઢેરામાં અલગ વિદર્ભ રાજ્ય આપવાનો સમાવેશ છે, સામેપક્ષે શિવસેના મહારાષ્ટ્રના વિભાજનની વિરુદ્ધમાં છે. સંઘની નેતાગીરી તરફથી મહારાષ્ટ્રનાં ચાર રાજ્યોની વાતને આગળ કરાય છે. ડો. બાબાસાહેબ આંબેડકર પણ રાજ્યનાં ચાર રાજ્યો કરવાના પક્ષે હોવાની વાત ચર્ચામાં છે.આવા સંજોગોમાં ભાંજગડ વધે છે. હજુ તો મહારાષ્ટ્ર સરકારના ૩૮ પ્રધાનોના પ્રધાનમંડળમાં ૧૩ પ્રધાનો શિવસેનાના છે છતાં ભાજપી નેતાગીરી શિવસેનાને ગુંડાઓની પાર્ટી અને ખંડણીખોર ગણાવે છે.

શિવસેનાના મુખપત્ર 'સામના'માં શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનાં આગ ઝરતાં નિવેદન રોજેરોજ છપાય છે. ભાજપ ઉલ્હાસનગરના જેલવાસી ગેંગસ્ટર પપ્પુ કલાનીથી લઈને દાઉદ ઈબ્રાહિમને પોતીકા ગણે છે અને એ બેઉની તસવીરો પોતાનાં પોસ્ટર પર નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાથે મૂકે એવી ગર્જના શિવસેના કરે છે. રાજ્યની ૧૦ મહાનગરપાલિકામાં ચૂંટણી છે. મુંબઈ ઉપરાંત ઉલ્હાસનગરમાં પણ છે. ઉલ્હાનસગરમાં ભાજપની કલાની સાથે યુતિ છે. શિવસેના પોતાને છત્રપતિ શિવાજીની વારસ ગણાવે છે. વડા પ્રધાન મોદીએ સમુદ્રમાં શિવાજી સ્મારકના કામકાજને પાલિકા ચૂંટણીને કેન્દ્રમાં રાખીને લીલીઝંડી આપ્યાનો આક્ષેપ કરે છે.

આરએસએસના પ્રવક્તા રહેલા મા. ગો. વૈદ્ય વારંવાર નિવેદન કરીને નવા વિવાદ સર્જે છે.એમણે કહ્યું કે શિવસેનાના પ્રધાનોનાં રાજીનામાં ખિસ્સામાં રાખવા માટે નહીં, આપવા માટે હોય,પણ આપે તો બળવો થાય એવું છે. વૈદ્યનું કહેવું છે કે રાજ્યના શિવસેના પ્રધાન સુભાષ દેસાઈ સારું કામ કરે છે, એટલે રાજીનામું આપવાને બદલે એ સેનામાં બળવો કરે.

**અનુસંધાન પાના નં. ૭ પર**